## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ચેપ નથી આ, કોઈ દુષ્કર્મનું, આ પાપ લાગે છે!*
*રૂઠી છે કુદરત કે કોઈ દૈવી ખોફ લાગે છે!*
*શ્રાપ લાગે છે કોઈ નિર્દોષ હત્યાની આંતરડીના -*
*તરફડે છે જીવો કોઈનો દોષ સાફ લાગે છે!!*

હાઈકુ

*ગંગાથી નહીં*
*ગંગા પર તરે છે -*
*લ્યો ! મૃતદેહો !!*

*ગંગા તો ન થયાં !*
*થઈ ગયા પૈસા સાફ !!*
*કાશી કિનારે !!*

*(નદી શુદ્ધિકરણનો પવિત્ર પ્રોજેક્ટ)*

### ચિંતન

**સાહબ કે દરબાર મેં, કમી કછુ કી નાહીં,**
**કર્મહીન નર પાવત નાહીં, ચૂક ચાકરી માહીં**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**સમજણપૂર્વક કેવું જીવન જીવવું જોઈએ? જો નિષ્કામ સત્કર્મોનું ઘણું ભાથું કરીશું તો પરમાત્મા અવશ્ય મોક્ષ આપશે જ એ અતૂટ નિષ્ઠાથી જીવન જીવીશું તો અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરી શકીશું. પરંતુ તેમાં નિષ્ઠા જ નહીં હોય, તો કર્મના અફર સિદ્ધાંતને અવગણી જીવનમાં અસત્કર્મોનું આચરણ કરીશું તો ફળસ્વરુપ જન્મ-મરણના દારુણ દુઃખદાયક ચકરાવામાં પડીશું.**

**સતત સ્મરણ રાખવાનું છે કે પરમાત્મા બધું જ આપવા સમર્થ છે, પણ તે દરેકને તેના કર્માનુસાર જ આપે છે. પરમાત્મા શક્યને અશક્ય અને અશક્યને શક્ય આમ બધું જ કરવા સમર્થ છે પરંતુ દરેકને તેના કર્મ અનુસાર જ જીવનમાં સઘળી પ્રાપ્તિ થતી હોય છે.**

### સુવિચાર

- પોતે ખોટ ખાઈને પણ અંધારું નફાકારક સલાહ આપે છે દિવસ પછી પણ દિવસ જ જોઈએ છે? મળશે... બસ, રાત ને અવગણો - **મદનકુમાર અંજારિયા**
- જીવનને માટે મિશ્ર સુરા હોવી જોઈએ, થોડી મજા ને થોડી વ્યથા હોવી જોઈએ - **અમીન આઝાદ**
- ફક્ત પોતાને માટે રાંધનારાં તો પાપ ખાય છે! - **ગીતાસૂત્ર**
- જીવનના અંત અને જીવનના આરંભ બંનેથી આપણે અજાણ્યા છીએ, અને છતાં સતત એનો અર્થ શોધ્યા કરીએ છીએ - **રાજેશ વ્યાસ**
- વહી હકદાર હૈં કિનારોં કે, જો બદલ દેં બહાવ ધારોં કે - **નિસાર ઈટાવી**
- લાગે છે જયારે જીવનમાં કંઈ જ બચ્યુ નથી, જીવનની એ જ નવી શરૂઆત હોય છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : જીરાનો ભૂક્કો પાણીમાં ગરમ કરી હરસ પર લગાડવાથી દુઃખાવો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કલકત્તાથી પ્રસિદ્ધ થતાં ધ હિન્દુ સ્પીરીચ્યુઅલમાં આ સત્ય ઘટના પ્રસિદ્ધ થયેલ. જીવ ધિકાકર કરવાના કેવા પરિણામો આવે છે તે અહીં સમજાવવાનો પ્રયત્ન થયેલ છે. ત્રિલોકીનાથ ચક્રવર્તી ઈજનેર હતા. સરકાર પાસેથી કોન્ટ્રાક્લ મેવી તે કામ તે પેટા કોન્ટ્રાકટર પાસે કરાવતા. એક વાર ત્રિલોકીનાથે એક કામ કરવા માટે ઈશાનચંદ્ર નામના ઠેકેદારને રોક્યો. કામ સમયસર, પદ્ધતિસર પુરુ કરાવવાની જવાબદારી ત્રિલોકીનાથની હતી. અને ત્રિલોકીનાથની સૂચના મુજબ સમય મર્યાદામાં કામ ઈશાનચંદ્રએ પુરું કરવાનું નક્કી થયું. કામ સમયસર પુરું ન થતાં ત્રિલોકીનાથે ઈશાનચંદ્રને કાઢી મૂક્યો અને નવા પેટા કોન્ટ્રાકટરને કામ સોપ્યું. ઈશાનચંદ્ર કામ માટે ભેગું કરેલો માલસામાન વગેરેનો ખર્ચ માથે પડ્યો. ઈશાનચંદ્રએ ત્રિલોકીનાથને કહ્યું, 'શેઠ મારી હાય તમને લાગશે. હું તમારો દીકરો થઈ મારું નુકશાન વસૂલ કરીશ. હું અકાળે મરીને તમને આઘાત આપીશ.' થોડા દિવસોમાં ઈશાનચંદ્ર મૃત્યુ પામ્યો. એના મર્યાના દસેક મહિના બાદ ત્રિલોકીનાથને ત્યાં બે દીકરી પછી દીકરો અવતર્યો. ખૂબ લાકડોકમાં તે મોટો થયો. એમ.એ. સુધી ભણ્યો અને અચાનક ટૂંકી માંદગીમાં દીકરો મરણ પામ્યો. ત્રિલોકીનાથને ભારે આઘાત લાગ્યો. એને ઈશાનચંદ્રના બોલેલા શબ્દો યાદ આવ્યા. એક નાના માણસના સંજોગોમાં એને ધુત્કારીને કાઢી મૂકવાનો પ્રસંગ યાદ આવ્યો. એને પોતે કરેલો કડવો વ્યવહાર હવે ખૂંચી રહ્યો.

# ભૂલોમાંથી બોધપાઠ લેવાની જરૂર

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા મોહન ભાગવતે વર્તમાન પરિસ્થિતિ માટે શાસક અને પ્રશાસનની બેદરકારીને જવાબદાર ઠેરવી એક ઈમાનદાર મોભીને શોભે એવો દાખલો બેસાડ્યો છે. સરકાર અને નોકરશાહી કયારેક પોતાની ચૂક થઈ હોવાનું કલૂબશે નહીં. એ તો સતત પોતાના પ્રચંડ પુરુષાર્થનો જ રાગ આલાપતાં રહેશે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘને વર્તમાન શાસકોનું પિયર માનવામાં આવે છે અને મહદંશે એ સાચું પણ છે પરંતુ સમર્પિત સંઘ કાર્યકર્તાને સત્તા કરતાં વધારે સેવામાં અને એના આદિપુરુષે કલ્પેલા આધ્યાત્મિક ચેતનાના વૈભવમાં રસ હોય છે. સંઘમાંથી સરકારમાં આવેલા કાર્યકર્તા અન્ય રાજકારણીઓ જેવો 'એવરેજ પોલિટિશિયન' જ બની જતો હોય છે અને સત્તા હાંસલ કરવા સાધનશુદ્ધિના સિદ્ધાંતને પણ કોરાણે મૂકી દેતો હોય છે. ચાઈનીઝ કોરોનાની પહેલી લહેર સામે લડવામાં નાટકીય ઢબે તાળીઓ, થાળીઓ અને દીવા જેવી મનોબળ વધારનારી પરંતુ સંપૂર્ણપણે અવૈજ્ઞાનિક રીતરસમો અપનાવીને કેન્દ્ર સરકારે દુનિયાની અન્ય સરકારો કરતાં પછાત સાબિત થઈ હતી. દેશ પાસે ડૉકટરો એન વૈજ્ઞાનિકોનો તોટો નથી. પરંતુ પરંપરાગત જીવનશૈલી અને આંધળી ધાર્મિકતાએ હદ વાળી દીધી તે ત્યાં સુધી કે લોકોને રામદેવ બાબાની દેશી જડીબુટ્ટીઓથી લઈ ગંગાજળ અને ગૌમૂત્ર પીવાની છૂટ મળી ગઈ. કેન્દ્ર સરકાર હસ્તકની તબીબી સંસ્થાએ ગાયત્રીમંત્રની કોરોના સંક્રમણને ધીમું પાડવામાં કે નાબૂદ કરવમાં કેટલી ક્ષમતા છે એની ચકાસણી માટે ફંડ ફાળવ્યું ! માત્ર ભારત જેવા ધર્મભીરુ દેશમાં જ આવું બની શકે. વધુ ને વધુ બેદરકારી પાછળનું એક કારણ પહેલી લહેર વખતે પશ્ચિમના દશોમાં ભારતની સરખામણીમાં થયેલ સંક્રમણનો સપાટો અને ત્યાંનો મરણાંક પણ બની રહ્યાં. ભારતમાં વસતિના પ્રમાણમાં સંક્રમણ અને મૃત્યુના આંકડા અમેરિકા, ઈટલી, સ્પેન કે ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ કરતાં ઓછા હોવાનું ગૌરવ લેવાતું રહ્યું. એ માટે આ દેશની ગરીબ વસતિની પ્રતિકાર ક્ષમતા અને સૂર્યનો પ્રકાશ જેવી બાબતો જવાબદાર હતા. ગામડાં લગભગ કોરોનામુક્ત હતાં. પરંતુ શહેરોનું સંક્રમણ કાળક્રમે ગામડાંમાં પણ પહોંચ્યું અને અંતે આજે આ કોરોનાના બીજા મોજામાં તો ભાગ્યે જ કોઈ ગામડું એની ઝપેટમાં આવ્યા વગર રહ્યું હશે. કોરોનાના વ્યાપ માટે રાજકારણીઓએ સામે ચાલીને સુવિધા ઊભી કરી આપી. ચૂંટણીઓ, રેલીઓ અને સભાઓમાં વડાપ્રધાનનાં રૂપકડાં સૂત્રો - 'દો ગજ કી દૂરી અને માસ્ક હૈ જરૂરી' જેવી બાબતોનું કોઈએ પાલન ન કર્યું. નેતાઓને તો ચૂંટણી જીતવામાં રસ હતો. પ્રજાનું જે થવું હોય તે થાય! આખરે ધીમી પડેલી કોરોનાની રફતાર બીજા મોજામાં વિશ્વ વિક્રમ બનાવીને રહી. દુનિયા આગળ ઓશિયાળા મોઢે મદદની ભીખ સ્વીકારવાના દહાડા આવ્યા. જયારે એ જ ભારત પહેલા દોર વખતે દવાઓ વગેરેની દુનિયાભરને લહાણી કરી ઊંચા હાથે, છાતી કાઢીને ફરતું હતું. કોરોનાને 'હરાવવા' નીકળેલા શાસકો અને પ્રશાસકો એની સામે બૂરા હાલે હારી ગયા છે એની કબૂલાત બીજું કોઈ નહીં પણ ખુદ મોહન ભાગવત કરી રહ્યા છે તે સૂચક છે. સહિયારા પ્રયત્નોથી અને હકારાત્મક અભિગમ સાથે આવી પડેલી આફતમાંથી ઉગરવાની શિખામણ ખોટી નથી. પરંતુ એમના જ એક પૂર્વ મુખ્યમંત્રીને 'કોરોનાને પણ જીવવાનો અધિકાર છે' જેવું વિધાન કરતા જોઈએ છીએ ત્યારે હસવું કે ગુસ્સો કરવો તે સમજાતું નથી. એક અભણ, રૂઢિચુસ્ત, અવૈજ્ઞાનિક ખ્યાલો ધરાવતી જમાતમાં હાથમાં શાસનનાં સૂત્રો આવે ત્યારે માત્ર પોતાનું તરભાણું ભરવા ટેવાયેલી નોકરાશીહ કેવું કામ કરી બતાવે તેનું ભારતે એક યાદગાર ઉદાહરણ પૂરું પાડ્યું છે. ભૂલ તો થાય, પણ એ ભૂલમાંથી બોઠપાઠ લઈ ફરીવાર આફત આવે તો એમનો સામનો કરવાની સજ્જતા કેળવવી જોઈએ. રસીકરણ મુદ્દે, ઓક્સિજન સંદર્ભે કે દવાઓની ઉપલબ્ધિના મુદ્દે આપણે યુરોપ-અમેરિકાની સરખામણીએ કેટલા પાછળ છીએ તે કબૂલવાની નૈતિક હિંમત હોવી જોઈએ. એના ઠેકાણે ખોટાં આંકડા રજૂ કરી એનો બચાવ કરવાના જ કારસા કરતા રહીશું તો ચાઈનીઝ કોરોના કોઈનો સગો થવાનો નથી.

# પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬

**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

જૂન, ૧૯૭૨માં સ્ટોકહોમ ખાતે ભરાયેલ માનવ પર્યાવરણ વિષેના સંયુક્ત રાષ્ટ્ર સંમેલન જેમાં ભારતે ભાગ લીધો હતો. તેમાં માનવ પર્યાવરણના સંરક્ષણ અને સુધારણા માટે યોગ્ય પગલા લેવા અંગેના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

પર્યાવરણના સંરક્ષણ અને સુધારણા અને માનવો અન્ય જીવંત પ્રાણીઓ, વનસ્પતિ અને સંપત્તિના જોખમોના નિવારણને લગતા હોય છેલ્લે સુધી તે નિર્ણયોને વધુ અમલ કરવા જરૂરી છે.

આ અધિનિયમ પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬થી ઓળખવામાં આવ્યો. જે સમગ્ર ભારતમાં લાગુ પાડવામાં આવ્યો છે.

પર્યાવરણમાં પાણી, હવા અને જમીનનો અને પાણી, હવા અને જમીન અને માનવો તથા બીજા જીવંત પ્રાણીઓ, વનસ્પતિઓ, સૂક્ષ્મ જીવોની રચના અને સંપત્તિમાં અંદરોઅંદર અને તેમની વચ્ચે અસ્તિત્વમાં હોય તેવા આંતર સંબંધોનો સમાવેશ થાય છે.

પર્યાવરણને હાનિકારક હોય અથવા જેનાથી તે હાનિકારક બને તેટલી માત્રામાં હોય તેવો કોઈ ઘન, પ્રવાહી કે વાયુ યુક્ત પદાર્થ જે પર્યાવરણીય પ્રદૂષક કહેવાય છે.

પર્યાવરણીય પ્રદૂષણ એટલે પર્યાવરણમાં કોઈ પર્યાવરણીય પ્રદૂષકનું અસ્તિત્વ હોય તે કોઈ પદાર્થના સંબંધમાં વ્યવસ્થા કરવી એટલે આવા પદાર્થના ઉત્પાદન પ્રક્રિયા પેકેજ, સંગ્રહ ફેરફાર, વપરાશ, એકત્રીકરણ, નાશ, રૂપાંતર, વેચાણ માટે મુકવું, તબદીલ અથવા તેના જેટલી પ્રક્રિયા કરવી.

એવો કોઈ પદાર્થ કે બનાવટ કે જેના રાસાયણીક કે ભૌતિક, રાસાયણિક ગુણધર્મો કે વ્યવસ્થા કરવાને કારણે તેનાથી માનવો અને અન્ય જીવંત પ્રાણીઓ, વનસ્પતિ સૂક્ષ્મ જીવ રચના, સંપત્તિ જેવા અથવા પર્યાવરણને નુકશાન પહોંચાડે તેમ હોય, કોઈ કારખાનામાં કે જગ્યામાં સંબંધમાં કબજેદાર એટલે કામકાજ ઉપર નિયંત્રણ રાખનાર વ્યક્તિ પર્યાવરણને જોખમમાં મૂકે તેવી પદાર્થનું ઉત્પાદન કરે તેનો સમાવેશ થાય છે.

પર્યાવરણીય પ્રદૂષણના નિવારણ માટે લીધેલા પગલા નિયંત્રણ માટે અને તેને ઘટાડવા માટેના રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનું આયોજન કેન્દ્ર સરકાર કરે છે.

પર્યાવરણનો નુકશાન થાય તેવા ઉત્પાદન પદાર્થ, પુરવઠો, સુવાઓ કે વિશુધ્ધ પાણી બંધ કરવા અથવા તેના નિયમન કરે છે.

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ એક્ટ, ૨૦૧૦માં શરૂ કરવામાં આવ્યો જે હવા, પાણી અને પર્યાવરણને નુકશાન અંગેના પગલાઓ લે છે. જે એક્ટની કલમ : ૩ થી સ્થાપિત કરવામાં આવી.

જુદા જુદા વિસ્તારોમાં જોખમી પદાર્થની વ્યવસ્થા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. અકસ્માતોના નિવારણ માટે ઉપચારાત્મક પગલાની જોગવાઈ તથા સલામતી માટેના પગલા ભરવામાં આવે છે.

કલમ : ૧૦ થી ૧૯(ખ) મુજબ જરૂરી નોટીસ આપી પગલા ભરવામાં આવ્યા છે. તથા વાતાવરણનો નુકશાનકર્તાને સજા અનં દંડની જોગવાઈ કરવામાં આવી છે. પર્યાવરણને નુકશાન કરતા તમામ એકમને બંધ કરવાની સત્તા તથા દંડ તથા સજા કરવાની સત્તા કમિશ્નરને સોંપવામાં આવી છે.

પર્યાવરણની જાણવણી કરવી દરેક ભારતીયની ફરજ છે. પર્યાવરણને કરતા નુકશાન બદલ તથા હવા, પાણી, જંગલને પ્રદૂષિત તથા નાશ કરવા બદલ યોગ્ય સજા તથા દંડની જોગવાઈ છે. પર્યાવરણ જ આપણા રક્ષક છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# આપો તો આટલું આપો રે, બધાયે ભાર શકું હું વહી

**WhatsApp ઓફ ધી વીક**
નેહલ ગઢવી

**કદાચ કાલે તમારે માથે, પડે જગતને ઉઠાડવાનું,**
**પ્રભુ તો લાંબી રજા ઉપર છે.**
**ધરાથી લઈને ગગન સુધીનું, તમારે અંધારું ખાળવાનું,**
**પ્રભુ તો લાંબી રજા ઉપર છે.**

**- ગૌરાંગ ઠાકર**

અત્યારની આ વિકટ પરિસ્થિતિ જોતાં એમ જ લાગે છે કે જાણે સાચે જ ઈશ્વર એક લાંબા વેકેશન પર જતા રહ્યાં છે; જયાં ન તો મોબાઈલનું નેટવર્ક પકડાય છે કે ન કોઈ News Channel કે કોઈ છાપું વહેંચાય છે. પૃથ્વી પર વસતાં માનવોની શું દશા છે એનાથી જાણે ભગવાન સાવ અજાણ હોય એવી સ્થિતિ સર્જાઈ છે. આપણે જયારે નાના હતા અને કોઈ મંદિરમાં દાદા-દાદી સાથે આંગળી પકડીને જતા ત્યારે આપણને નહોતી ખબર કે મંદિર કયા સમયે ભગવાનના ભોજન અને શયન માટે બંધ કરવામાં આવતું પણ દાદા-દાદીને એ સમયપત્રક બરાબર યાદ રહેતું. બાળસહજ આશ્ચર્યથી આપણે પૂછતાં પણ ખરા કે ભગવાન કદી સૂતા હશે ? ઈશ્વર જો આંખો બંધ કરીને સૂઈ જાય તો આપણું શું થાય ? આપણું ધ્યાન હવે કોણ રાખશે એવી ચિંતા આપણા બાળમાનસને સતાવતી. ત્યારે પ્રેમથી વડીલો સમજાવતા કે ઈશ્વર ઊંઘમાં પણ આપણું ધ્યાન તો રાખતા જ હોય! પણ આ ઈશ્વર આજે પહેલીવહેલી વાર એક વેકેશન પર જતા રહ્યા છે અને 'શૂન્ય' પાલનપુરી લખે છે તેમ ઈશ્વરને પૂછવાનું મન થાય કે -

**"જાઓ, દુનિયાની ખબર તો લો કે એને શું થયું ?"**

પણ જેમ આપણને એકધારી જવાબદારીભર્યા જીવનનો થાક લાગે છે તેમ ઈશ્વરને પણ એના બેજવાબદાર અને લાપરવાહ સંતાનોની જવાબદારી વેંઢારવાનો થાક લાગ્યો હશે અને માટે જ તેઓ આજે આપણી અરજ સાંભળી નથી રહ્યા તેવું આપણને લાગે છે. પણ ઘરના વડીલ, આપણા મમ્મી કે ઓફિસના સૌથી વધારે જવાબદાર કર્મચારી જયારે એક Break (બ્રેક) લે ત્યારે આપણે શું કરીએ છીએ? આપણે પોતે જવાબદાર બનીને સમગ્ર પરિસ્થિતિને સંભાળી લઈએ છીએ. તો આવો, આજે આપણે આપણામાં રહેલા એ જવાબદાર અને સદાય આપણી સાર-સંભાળ લેનારા ઈશ્વરને ઢંઢોળીને જગાડીએ ! દરેક વ્યક્તિમાં રહેલા એ ઈશ્વરી અંશને આજે કામે લગાડીએ. આદિકાળથી અને સદીઓથી ઈશ્વર આપણા માટે જે પરમપિતા તરીકે કરતા આવ્યા છે તે આપણે આપણી આસપાસ રહેતા તમામ બંધુજન માટે કરીએ. ગૌરાંગ ઠાકર લખે છે તેમ,

**"દરેક બાળકનાં સ્મિતમાં જઈ, દરેક માતાની આંખમાં રહી**
**તમારે હાજર થવું જ પડશે,**
**પછી તમારે બધાંની અંદર, વહાલ થઈને રહી જવાનું,**
**પ્રભુ તો લાંબી રજા ઉપર છે."**

આ સમય એવો છે કે કોઈ એક વ્યક્તિ, કોઈ એક ગામ, કોઈ એક શહેર કે કોઈ એક રાજય કે એક દેશ નહિ પરંતુ પૃથ્વી પર રહેલા દરેકે દરેક મનુષ્યએ પોતાનામાં રહેલી સદ્?ભાવનાને, કરુણાને ઉજાગર કરી અને શ્રદ્ધારુપી દિપકની જયોત પ્રજ્જવલિત કરવી જ રહી ! આપણે સૌએ સાથે મળીને ઈશ્વરને તેના આ સંતાનોમાં શ્રદ્ધા બેસે, પોતાના બાળકો પ્રત્યે ઈશ્વરને ગર્વ થાય તેવું કંઈક કરી બતાવવાનું છે. આપણે ઈશ્વરને યાચના કરીએ કે,

**"તમે મને તારજો તારણહાર !**
**કે એવી જાચના જાચું નહીં;**
**આપો તો આટલું આપો રે,**
**તરું પણ થાકેલ ના મારી દેહી !**
**ભારો મારો હળવો કરી દઈ,**
**દિલાસો ના દો તો કંઈ નહીં;**
**આપો તો આટલું આપો રે,**
**બધાયે ભાર શકું હું વહી."**

**- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. જુગતરામ દવે)**


- nehalgadhavi101@gmail.com

# ઉર્જાવાન, ઉત્સાહી, ધબકતા છગન ભૈયાઃ ફરાસ (ઝાડું-પોતાં મારનાર)માંથી સ્વબળે ગ્રંથપાલ બન્યા હતા

**નવી સવાર**
રમેશ તન્ના

છગન ભૈયાનું નિધન થયું છે તેવા સમાચાર નાનકડા સ્ક્રીન પર વાંચીને હૃદયમાં મોટો ધ્રાસકો પડ્યો. છગન ભૈયાનું નામ પડે એટલે નજર સામે તરત જ એક હસતો-પ્રસન્ન, ઉત્સાહી, ઉર્જા અને ચમકથી છલકાતો ચહેરો આવી જાય. છગન ભૈયા અને અમદાવાદનું વિખ્યાત મા.જે.પુસ્તકાલય (ઘણા તેને એમ.જે. લાયબ્રેરી તરીકે પણ ઓળખે છે.) લાંબા સમય સુધી એકબીજાનો પર્યાય બની ગયાં. પહેલી એપ્રિલ, ૧૯૭૭થી ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૦ સુધી એટલે કે લગભગ ૨૩ વર્ષ સુધી તેઓ મા.જે.ની લીલીછમ વાડીના માળી બની રહ્યા. એક આદર્શ અને ઉત્તમ ગ્રંથપાલ કેવો હોય તેનું ઉત્કૃષ્ટ





ઉદાહરણ તેઓ બની ગયા હતા. તેમણે ૧૩મી મે, ૨૦૨૧, ગુરુવારના રોજ સવારે ૧૦.૫૦ કલાકે વિદાય લીધી.

● ● ●

મા.જે.નું વાંચનાલય અને પુસ્તકાલય ખૂબ સમૃદ્ધ. ગુજરાતના મહાનગર અમદાવાદમાં સૌથી મોટું, સક્રિય અને ધબકતું પુસ્તકાલય એટલે માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય. આખા શહેરના વાચકો દોડી દોડીને અહીં આવે. લેખકો અને વાચકો માટે આ પુસ્તકાલય જાણે કે તીર્થધામ. એક તો શહેરના મધ્યમાં આવેલું એટલે બધાને આવવા માટે અનુકૂળ પડે. વળી, વિશાળ પણ ઘણું. વાંચનાલયમાં પણ વિશાળ જગ્યા અને પુસ્તકાલયમાં પુસ્તકો પણ ઘણાં. આ પુસ્તકાલયને ગ્રંથપાલ તરીકે છગન ભૈયાએ એક નવી જ ઓળખ આપી હતી. વિવિધ સાહિત્યિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી મા.જે.ને વાચકો-સર્જકોના હૃદયમાં સ્થાન અપાવ્યું. સેંકડો સાહિત્યકારોએ પોતાની સર્જનસફરમાં આ પુસ્તકાલયનો મોટો લાભ લીધો તો હજારો વાચકોને આ પુસ્તકાલયે વાંચતા કર્યા અને તેમના વાચનરસને વેગીલો અને તીવ્ર બનાવ્યો.

● ● ●

છગન ભૈયાએ મા.જે.માં સાહિત્ય વર્તુળ વિભાગ શરૂ કર્યો. સાતત્ય સાથે તેને વર્ષો સુધી ચલાવ્યો. (લગભગ હજી પણ ચાલે છે.) એ જ રીતે તેમણે કાવ્યધારા કાર્યક્રમમાં પણ ચલાવ્યો. કાવ્યધારાના સ્થાપક અને સંચાલક જાણીતા કવિ અને સર્જક કૃષ્ણ દવે કહે છે કે અમદાવાદ શહેરમાં સાહિત્યિક વાતાવરણ રચવામાં તેમનું મોટું પ્રદાન હતું. કાવ્યધારા વર્ષો સુધી અવિતર સરસ રીતે ચાલ્યું તેમાં તેમનો ઉત્સાહ, સહયોગ અને હૂંફ પણ જવાબદાર હતાં.

વર્ષો સુધી અહીં બાલ સાહિત્ય અકાદમી (સ્થાપકઃ યશવંત મહેતા) પણ ચાલી. આ પુસ્તકાલય સાથે સંકળાયેલા શ્રી નિમેષ જોશી કહે છે કે કોઈ પણ પુસ્તકલાય ગામ-નગર કે શહેરને જીવવા લાયક બનાવે છે. અમદાવાદ શહેરની ચેતનાના વિકાસમાં મા.જે. પુસ્તકાલયનું અને મા.જે. પુસ્તકાલયના વિકાસમાં છગન ભૈયાનું મોટું પ્રદાન હતું. કોઈ પણ વાચક, લેખક, સંશોધક કે વ્યક્તિવિશેષ માટે છગનભાઈ ખડે પગે અને ભરેલા હૃદયે હાજર જ હોય. તેઓ દરેકને સસ્મિત આવકારે અને જે પણ મદદની જરૂર હોય તે મદદ કરે. પૂરા આનંદ સાથે. સમયસર અને સરસ રીતે અને પ્રીતે. હજારો લોકોને તેનો અનુભવ હશે.

જાણીતા કવિ અને સર્જક રમેશભાઈ ઠક્કર કહે છે કે છગન ભૈયા એટલે ઉત્સાહનો ફુવારો. એમની હાજરી માત્રથી વાતાવરણ જીવંત બની જાય. ઉત્તમ ગ્રંથપાલ તો ખરા જ પણ એટલા જ ઉમદા સાહિત્યસેવી. સમર્પિત વ્યકિત. યુવાવયે હું અમદાવાદમાં એકલો રહેતો. નોકરી અને અભ્યાસની સાથે સાહિત્યિક પ્રવૃતિઓમાં રમમાણ રહેતો. એમ.જે લાઈબ્રેરી દર શનિવારે સાંજે 'સાહિત્ય વર્તુળ'ની બેઠકો થતી. એના પ્રણેતા ગ્રંથપાલ શ્રી છગન ભૈયા હતા. એમની અનોખી દ્રષ્ટિ હતી. આગવી સાહિત્યિક સૂઝ હતી.

મેનેજમેન્ટની અદ્ભુત આવડત હતી. દર અઠવાડિયે જાણીતા સર્જક એમાં આવતા. સાહિત્ય-રસિક શ્રોતાઓથી હોલ ઊભરાઈ જતો. નાનકડા ગામમાંથી આવેલા મારા જેવા આગંતુક યુવાન માટે તો આ ખજાનો હતો. મને લગભગ તમામ જાણીતા સર્જનોનો પરિચય અહીંથી થયો. મબલખ મિત્રો મળ્યા. સાહિત્યિક અભિરુચિ ઘડાઈ. જાણીતા સંપાદક શ્રી ભિખેશ ભટ્ટ કહે છે કે મા.જે.પુસ્તકાલયનાં અનેક ભીનાં ભીનાં સ્મરણો છે. તેમના સ્વભાવની મૃદુતા, સૌમ્યતા, સતત સહયોગ કરવાની ઉત્સુકતા આજે પણ યાદ આવે છે.

● ● ●

છગનભાઈના જીવનની અનેક વિશેષતાઓ હતી. તેમનું જીવન પ્રેરક બને તેવું હતું. તેમનું જીવન એટલે ફરાસ (ઝાડું-પોતાં મારનાર)માંથી ગ્રંથપાલ સુધીની રસપ્રદ અને પ્રેરક સફર. તેમનું મૂળ ગામ ઉત્તરપ્રદેશના અલ્હાબાદ પાસેનું પ્રતાપગઢ. છગનભાઈના પિતા ૮-૧૦ વર્ષની વયે વતન છોડીને અમદાવાદ આવી ગયા હતા. અહીં તેઓ શરૂઆતમાં દરિયાપુરમાં આવેલા પાર્વતીબાઈના દવાખાનામાં નોકરી કરતા હતા. એ પછી તેઓ વી.એસ. હોસ્પિટલમાં પટાવાળા તરીકે જોડાયા. છગનભાઈનો જન્મ ૧૨મી ડિસેમ્બર, ૧૯૩૮ના રોજ અમદાવાદમાં થયો હતો. તેઓ કુલ આઠ ભાઈ-બહેનો હતાં. ભાઈઓમાં સૌથી મોટા છગનભાઈ હતા. છગનભાઈનો પરિવાર હિન્દીભાષી હતો, પણ છગનભાઈ ભણ્યા ગુજરાતી માધ્યમમાં. તેઓ ભણવામાં ખૂબ જ તેજસ્વી હતા. તેમના અક્ષરો તો મોતીના દાણા જેવા હતા. બાળપણથી તેમનું જીવન સંઘર્ષમય હતું. તેઓ નાનપણથી જ નોકરી કરીને-જુદાં જુદાં કામ કરીને પોતાના પરિવારને મદદ કરતા થઈ ગયા હતા. નાનકડો છગન રોજ સવારે પિતાજીનું ટિફિન લઈને વી.એસ.હોસ્પિટલ જતો. પિતા ભણેલા નહીં એટલે દરદીઓનાં કાગળો પરથી તેમને ઓળખવાનું કે સૂચના આપવાનું તેમને ના ફાવે. એ કામ દીકરો છગન કરી આપે. પછી તો છગનને ફાવટ આવી ગઈ. તેનો ફાયદો પણ થયો. તેમને બદલી પટાવાળા તરીકે કામ કરવા માંડ્યું. પટાવાળાઓને રજા લેવાની હોય તો છગનભાઈ તેમને વેકેશનમાં રજા લેવાની વિનંતી કરતા જેથી તેમને વધારે દિવસ નોકરી મળતી. પરિવારમાં સભ્યો વધારે હતા અને આર્થિક સ્થિતિ નબળી હતી તથી છગનભાઈ ખૂબ કામ કરતા. તેઓ દરરોજ સાંજે વી.એસ. હોસ્પિટલના પરિસરમાં રહેતા ડોકટરોના ઘરે કચરા અને પોતાં કરવા પણ જતા. ક્યારેક મોટાં શેઠ-શેઠાણી શાકભાજી ખરીદવા જતાં તો છગનભાઈ તેમની સાથે જતા અને થેલા પણ ઉપાડતા. વી.એસ. હોસ્પિટલમાં છગનભાઈ ડો. આર.એસ.શાહ અને ડો. હરિભક્તિનાં કેસ પેપર સંભાળતા હતા. આ બન્ને ડોકટરોએ છગનભાઈને ખૂબ સાચવ્યા હતા તેવું છગનભાઈ કહેતા. છગનભાઈ પાલડીની મ્યુનિસિલિપાટી શાળા નંબર ચારમાં સાત ધોરણ સુધી ભણ્યા. એ પછી ઠાકર હાઈસ્કૂલમાં ઓલ્ડ એસ.એસ.સી. સુધી ભણ્યા. ઓલ્ડ એસ.એસ.સી. પાસ કરીને છગનભાઈએ નોકરી શોધવી શરૂ કરી. સ્ટેટ બેક્રમાં પટાવાળાની નોકરીનો ઈન્ટરવ્યુ આપવા કિશોર છગનભાઈ પોતાના પિતા સાથે ગયા. તકલીફ એવી થઈ કે છગનભાઈએ ચડ્ડી પહેરેલી હતી. ચડ્ડી પહેરીને તો ઈન્ટરવ્યૂ ના અપાય. હવે શું કરવું ?

છગનભાઈના પિતાએ પેન્ટ પહેરેલું હતું. એક કબાટની પાછળ જઈને છગનભાઈ અને તેમના પિતાએ પેન્ટ અને ચડ્ડીની અદલા-બદલી કરી લીધી. છગનભાઈની ઢીંચણ સુધીની ચડ્ડી તેમના પિતાએ પહેરી અને પિતાનું પેન્ટ કિશોર છગને માંડ માંડ ઠઠાવ્યું. ઈન્ટરવ્યુમાં છગનભાઈ પાસ થઈ ગયા હતા પણ ઉંમર નાની પડી એટલે નોકરી ના મળી.

● ● ●

છગનભાઈ મા.જે. પુસ્તકાલયમાં કેવી રીતે જોડાયા ?

સાવ જ આકસ્મિક રીતે.

છગનભાઈ અને તેમના પિતાજી એ વખતના કમિશનર કાંટાવાળાને મળવા જતા હતા. તેઓ સાયકલ પર મા.જે. પુસ્તકલાય પાસેથી પસાર થયા. તેમને થયું કે નોકરી માટે તપાસ કરતા જઈએ. ના, તેમને કશી ખબર જ નહોતી. બસ, એમ જ નક્કી કર્યું. બાપ-દીકરો અંદર ગયા. સહાયક ગ્રંથપાલને અરજી આપી. ૧૯૫૭ સુધી મા.જે.પુસ્તકાલય એક પાળીમાં ચાલતું હતું અને એ પછી બે પાળીમાં ચાલતું થયું હતું. પુસ્તકાલયને નવા લોકોની જરૂર હતી.

ક્રમશઃ